**મે.વાપીના બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વાપી.**

**ક્રિમીનલ કેસ નં: ૨૫૦૪/૨૦૨૬**

ફરીયાદીઃ– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપીઃ– **પરેશભાઈ દેવશી ભાનુશાળી**

**ગુન્હોઃ–** ગુજરાત પ્રોહિબિશન એક્ટ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)(બી) તથા કલમ–૮૫(૧) મુજબ

**ફરિયાદી પક્ષ તરફે:** વિ.એ.પી.પી.શ્રી એમ.ટી.પાડવી

**આરોપી પક્ષ તરફે :** વિ.વ.શ્રી આર જે પટેલ

# આંક– ૩ લગત ડિસ્ચાર્જ અરજી અન્વયે હુકમ

**(૧)** આ કામે આરોપીએ આંક–૩ ની ડિસ્ચાર્જ અરજી અન્વયે રજુઆત કરેલ છે કે આ કામે આરોપી વિરૂધ્ધ જે કલમ ૮૫ (૧) મુજબના ગુનાનો આક્ષેપ છે તેના કામે આરોપી બનાવ વખતે દારૂ પીધેલ હાલતમાં જાહેરમાં છાકટો થઈને ફરતો હતો તે હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર થી જણાઇ આવતી નથી. વધુમાં હાલનો કેસ ધ્યાને લેતા આ કામે કાયદામાં કરેલી મેન્ડેટરી જોગવાઈ કલમ ૬૬(૨) પ્રમાણે આરોપીના લોહીમાંથી ૦.૦૫ ટકા કરતા વધારે આલ્કોહલ મળી આવ્યાની હકીકત લોહી ચકાસણીના નિયમ ૪(૨) ના અનુરૂપ થયેલી હોવાનું પુરવાર થતું નથી તેમજ સમગ્ર ચાર્જશીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીના લોહીમાંથી ૦.૦૫ ટકા કરતા વધારે આલ્કોહલ મળી આવેલ હોઇ તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. તેથી આરોપીની વિરૂધ્ધમાં આવા દુષિત પુરાવાના આધારે ટ્રાયલ ચલાવી શકાય નહી. તેથી આરોપી ને બિનતહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૨)** હાલના કામે વિધ્વાન એ.પી.પીશ્રી હાલની અરજીનો વિરોધ કરતા જણાવે છે કે આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે કે નહિં તે પુરાવા વિના નક્કી કરી શકાય નહિં તેમજ જો આરોપીને શરુઆતના તબક્કેજ જો છોડી દેવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય નહિં જેથી આરોપીની હાલની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૩)** આ કામે આરોપીના વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે આ કામના આરોપીએ આવો કહેવાતો કોઇ પણ પ્રકારનો ગુન્હો આચરેલ નથી તેમજ સમગ્ર ચાર્જશીટ અને તેની સાથે રજું થયેલ દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો ક્યાંય પણ આરોપી પીધેલી હાલતમાં છાકટો બની ફરતો હતો તેમ જણાઇ આવતું નથી જેથી આરોપીને બિન તહોમત છોડી મુકવા આરોપીના વકીલશ્રીએ અરજ ગુજારેલ છે.

**(૪)** સૌપ્રથમ હાલના કામે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ ની કલમ-૬૬ (૧)(બી) અને કલમ-૮૫ (૧) મુજબનો ગુનો નોંધાયેલ હોઇ આ કલમો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**<u>કલમ ૬૬ : ગેરકાયદેસર ખેતી અને ગાંજાના સંગ્રહ માટે દંડ અને અન્ય બાબતો</u>**

**(૧)** જે કોઈ આ કાયદાની જોગવાઈઓનું, અથવા બનાવેલા કોઈપણ નિયમ, નિયમન અથવા હુકમનું, અથવા તેના હેઠળ જારી કરાયેલ કોઈપણ લાઇસન્સ, પરમિટ, પાસ અથવા અધિકૃતતાનું ઉલ્લંઘન કરે છે, તો-

(એ)[xxx]

(બી) કોઈપણ માદક પદાર્થ "સેવે છે અથવા ઉપયોગ કરે છે" [(અફીણ સિવાય)] અથવા શણ,

(સી) કોઈપણ તાડી ઉત્પાદક વૃક્ષ ને છેદે કે ઝાડ છેદવાની પરવાનગી આપે,

(ડી) કોઈપણ ઝાડ પરથી તાડી કાઢશે અથવા કાઢવાની પરવાનગી આપશે, તો દોષિત ઠેરવવામાં આવશે, સજા થશે, -

(ઇ) રાજ્યની બહાર કોઈપણ જગ્યાએ આવા નશાકારક પદાર્થ અથવા ભાંગનું સેવન કર્યા પછી, નશાકારક સ્થિતિમાં અથવા નશાકારક (અફીણ સિવાય) અથવા શણના પ્રભાવ હેઠળ રાજ્યના પ્રદેશમાં પ્રવેશ કરે

તો તેને દોષિત ઠર્યેથી,

(i) પ્રથમ ગુના માટે છ મહિના સુધીની કેદની અને એક હજાર રૂપિયા સુધીનો દંડની શિક્ષા થશે પરંતુ જોગવાઇ કરવામાં આવી છે કે કોર્ટના ચુકાદામાં જણાવવા જોઇએ તેવા વિરુધ્ધના ખાસ અને પુરતા કારણો ન હોઇ તો આવી સજા ત્રણ માસથી ઓછી હોવી જોઇએ નહિં અને દંડ પાંચસોથી ઓછો હોવો જોઇએ નહિં.

(ii) બીજા કે પછીના ગુના માટે, બે વર્ષ સુધીની કેદની સજા, પરંતુ છ મહિનાથી ઓછી ન હોવી જોઈએ અને બે હજાર રૂપિયા સુધીનો દંડની શિક્ષા થશે.

**(૨)** પેટા-કલમ (૨) અને પેટા કલમ-(૩) ની જોગવાઈઓને આધીન, જ્યાં પેટા-કલમ (૧) ની કલમ (બી) હેઠળના ગુનાના કોઈપણ મુકદ્દમામાં માદક પદાર્થના સેવન માટે અથવા

રાજ્યની બહાર કોઈપણ જગ્યાએ માદક દ્રવ્ય અથવા ગાંજાનું સેવન કર્યા પછી રાજ્યના પ્રદેશમાં પ્રવેશ માટે પેટા-કલમ (1) ની કલમ (e) હેઠળના ગુનાના કોઈપણ ટ્રાયલમાં એવો આરોપ છે કે આરોપી વ્યક્તિએ દારૂ પીધો હતો, અને તે સાબિત થાય છે કે આરોપી વ્યક્તિના લોહીમાં દારૂનું પ્રમાણ **જથ્થામાં 0.05 ટકા વજન કરતા ઓછું નથી** તો તે સાબિત કરવાનો બોજો પીધેલું દારૂ એ કલમ 24A માં વ્યાખ્યાયિત સામાન્ય માત્રા કરતાં વધુ માત્રામાં ન લેવાયેલી તબીબી તૈયારી હતી અથવા પીવામાં આવેલું દારૂ પ્રસાધનની બનાવટ હતી અથવા એન્ટિસેપ્ટિક તૈયારી અથવા દ્રાવણ, અથવા સ્વાદનો અર્ક એસેન્સ અથવા સીરપ, જેમાં આલ્કોહોલ હોય છે જેનું સેવન કાયદા અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમો, નિયમનો અથવા આદેશોનું ઉલ્લંઘન કરતું નથી, તે આરોપી વ્યક્તિ પર રહેશે, અને કોર્ટ આવા પુરાવાની ગેરહાજરીમાં વિપરીત ધારણા કરશે.

**(૩)** પેટા-કલમ (૨) ની જોગવાઈઓ

કોઈપણ દારૂ :

(a) સરકાર અથવા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા અથવા ચેરિટી દ્વારા જાળવવામાં આવતી અથવા સમર્થિત કોઈપણ હોસ્પિટલ, કન્વેલેસન્ટ હોમ, નર્સિંગ હોમ અથવા દવાખાનામાં સારવાર હેઠળ હોય તે સમયગાળા દરમિયાન અંદરના દર્દીઓ તરીકે અથવા દારુ પીધેલ હાલતમાં ગુજરાત રાજ્યમાં પ્રવેશ ખંડ થી સજાપાત્ર ગુનો બને છે.

(b) આવી અન્ય વ્યક્તિઓ દ્વારા, આવી અન્ય સંસ્થાઓમાં, અથવા નિર્ધારિત સંજોગોમાં જોગવાઈ કરવામાં આવે તે મુજબ.

## <u>કલમ ૮૫: દારૂ પીધેલી હાલતમાં રહેવા અને અવ્યવસ્થિત વર્તન માટે દંડ</u>

**(૧)** જે કોઈ, કોઈપણ શેરી, માર્ગ, જાહેર સ્થળ, કોઈપણ જગ્યાએ જ્યાં જાહેર જનતાને પ્રવેશ મળે છે અથવા તેમને પ્રવેશવાની પરવાનગી છે, નશામાં હોય છે અને ઉપદ્રવ પેદા કરે છે, કોઈપણ વ્યક્તિ સાથે ઝઘડો કરે છે, અપશબ્દો અથવા અપશબ્દોનો ઉપયોગ કરે છે, અન્ય લોકો સાથે લડાઈમાં સામેલ થાય છે, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તન કરે છે અથવા અશ્લીલ વર્તન કરે છે, તેને દોષિત ઠેરવવામાં આવે તો, ત્રણ વર્ષ સુધીની કેદની સજા અને દંડ થશે જે એક વર્ષ કરતા ઓછી ન હોય.",

**(૨)** પેટા-કલમ (૧) હેઠળના ગુના માટે કાર્યવાહીમાં, જ્યાં સુધી વિપરીત સાબિત ન થાય કે ઉપરોક્ત ગુનાના આરોપી વ્યક્તિએ દારૂ પીધો છે અથવા કોઈ અન્ય માદક પદાર્થનું સેવન કર્યું છે, ઔષધીય હેતુ માટે નહીં.

**(૫)** ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ ની કલમ-૬૬ (૧) (બી) મુજબ આરોપી દારુ કે અન્ય કોઈ આલ્કોહોલિક પદાર્થનું સેવન કરેલ હતો કે નહિં તે

હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા ધી ગુજરાત પ્રોહિબિશન મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રુલ્સ, ૧૯૫૯ ના નિયમોનું પાલન કરેલ હોવું ફરજિયાત છે તે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના **Malahavarao Bhagwandas Kharade Versus State Of Gujarat, 1971 (0) AIJEL-HC 207294** ચુકાદાને ધ્યાને લેવામાં આવે છે જેમાં ઠરાવેલ છે કે,

5...... the ratio in the ruling of Dalsukhji V/s. State of Gujarat (1969-1) 75 Cri. L. J. 695 where it has been **held that the provisions of rules 4 and 5 of the rules are mandatory in character and that where the prosecution solely relies on a report of the Chemical Analyser for blood concentration presumption under sec. 66(2) of the Bombay Prohibition Act cannot be drawn unless the mandatory provisions of rules 4 and 5 of the rules have been scrupulously followed**. The Legislature must have in its wisdom provided the period of seven days for the blood sample to reach the testing authority with a view to see that there may not he any tampering with the blood sample collected or that the alcohol contents of the sample of blood may not increase if it was kept in possession of the medical officer or his subordinate for an unduly long period. There is no evidence on the record to show in whose possession this phial remained till it was sent to the Chemical Analyser. There is also no evidence about the precaution having been taken to ensure that there was no tampering with the contents of the phial when it was with the medical officer. There is also nothing on the record to show that for a period of eight days this sample was kept in such a place that it was not liable to deteriorate. It cannot be said with definite certainty that because of the breach of this rule of sending the blood sample to the testing authority so as to reach that authority within seven days it was not likely to affect the result of the analysis. If ratio decidendi of Ukha Kolha's case is looked into then the certificate of the Chemical Analyser which was a result of the mandatory provisions of rules 4 and 5 of the rules particularly the provisions now under consideration is not valid and the same may as well become inadmissible in evidence. If that be so we cannot look into that certificate; nor would be the evidence of the Chemical Analyser in any way improves the matter. In my opinion the mandatory provisions under consideration have not been followed in this case.

(૬) આમ, ઉપરોક્ત કલમો બાબતે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ના સંદર્ભે હાલની અરજી તથા ચાર્જશીટ અને ચાર્જશીટ સાથે રજું થયેલ તમામ દસ્તાવેજો/પેપર્સ વંચાણે લેવામાં આવે તો ક્યાંય પણ આ કામના તપાસ કરનાર અમલદાર દ્વારા

આરોપીના લોહિમાંથી ૦.૦૫ % કરતા વધું આલ્કોહોલ મળી આવેલ હોઇ તેવી હકીકત દર્શાવતો કોઇ પુરાવો રેકર્ડ પર રજું કરેલ નથી. ત્યારબાદ વધુમાં ત.ક.અ દ્વારા તદ્દન ઔપચારીક ઢબે તપાસ કરી ધી ગુજરાત પ્રોહિબિશન મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રુલ્સ, ૧૯૫૯ ના નિયમોનું પાલન કરીને આ નિયમો અન્વયે જરુરી એવા ફોર્મ–બી અને ફોર્મ–સી ની નકલ હાલના કામે રજું કરેલ નથી. જેથી આ ફોર્મની ગેરહાજરીમાં આરોપી દારુ/આલ્કોહોલ પીધેલાની હાલતમાં હતો અને તેણે કલમ–૬૬(૧) (બી) મુજબનો ગુનો કરેલ છે તેવું કહી શકાય નહિં. વધુમાં ફરિયાદપક્ષ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત **Malahavarao Bhagwandas Kharade Versus State Of Gujarat** ચુકાદા મુજબ ધી ગુજરાત પ્રોહિબિશન મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રુલ્સ, ૧૯૫૯ ના જરુરી નિયમોનું પાલન કરવામાં આવેલ ન હોઇ હાલના આરોપી વિરુધ્ધ કોઇ પ્રથમદર્શીય કેસ જણાઇ આવતો નથી. ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ કલમ–૮૫ (૧) મુજબનું તહોમત પણ છે તેના કામે આરોપી બનાવ વખતે દારૂ પીધેલ હાલતમાં જાહેરમાં છાકટો થઈને ફરતો હતો તે હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર મુકવાની જબાવદારી ફરીયાદપક્ષની છે. પરંતુ હાલના કેસના કામે આરોપી દારું પીધેલ હાલતમાં હોઇ તે બાબતજ પ્રથમદર્શીય જણાઇ આવતી નથી તથા આરોપીએ જાહેરમાં કોઇની સાથે ઝગડો કરેલ હોઇ કે ઉપદ્રવ કરેલ હોઇ કે કોઇ સ્ત્રી સાથે ગેરવર્તન કરેલ હોઇ તેવી કોઇ હકીકત રેકર્ડ પરથી જણાઇ આવતી નથી જેથી આ તમામ હકીકતોને આધારે પણ આરોપી વિરુધ્ધ કલમ–૮૫ (૧) મુજબનો ગુનો માની શકાય નહિં.

આમ, ઉપરોક્ત પેરા નં.૬ માં ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓ વિરુધ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ ની કલમ–૬૬ (૧)(બી) અને કલમ–૮૫ (૧) મુજબનો પ્રથમદર્શીય કોઇ કેસ જણાઇ આવતો ન હોઇ તથા તપાસ કરનાર અમલદાર દ્વારા ઔપચારીક ઢબે તપાસ કરી ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ હોઇ અત્રેની કોર્ટનો ન્યાયિક સમય વેડફાય નહિં તે હેતુસર ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :– આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી **પરેશભાઈ દેવશી ભાનુશાળી** નાઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને ક્રિમીનલ પ્રોસિજર કોડ,૧૯૭૩ ની કલમ–૨૩૯ /

ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા, ૨૦૨૩ ની કલમ–૨૬૨ મુજબ આરોપીઓને ગુજરાત પ્રોહિબિશન એક્ટ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)(બી) તથા કલમ–૮૫(૧) મુજબના ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અગાઉ આપેલ જામીનખત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)/ ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**સ્થળઃ–વાપી.**
**તા.૨૦–૦૭–૨૦૨૬**

**(મોહંમદફરહાદ સલીમ લોહિયા)**
**બીજા એડિશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાપી.**
**કોડ નં.જી.જે.૦૧૬૭૬**